| | |
|---|---|
| Received on | 26-06-2018 |
| Registered on | 26-06-2018 |
| Decided on | 24-03-2026 |
| Duration on | Yr. Mo. Ds. Ds. |

# <u>FORM : A</u>

હળવદના મે. એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલત,

મુ. હળવદ(એન.જી.સુરતી )GJ-00711

ચુકાદાની તારીખ: ૨૪/૦૩/૨૦૨૬

ક્રિમીનલ કેસ નંબર: ૧૯૭/૨૦૧૮

| | |
|---|---|
| **ફરીયાદી:** | પ્રજાપતિ ટ્રેડીંગ કું.ના પ્રોપરાઈટર,<br>મનસુખભાઈ ઓધડભાઈ પ્રજાપતિ.<br>ઉ.વ.આ.૫૭, ધંધો–ખેતી/વેપાર,<br>રહે. સી./ઓ. દુકાન નં.૧૪૩, માર્કેટીંગ યાર્ડ,<br>મુ.તા.હળવદ, જી.મોરબી. |
| **ફરીયાદપક્ષે વકીલશ્રી:** | આર.જે.ઝાલા |
| **આરોપી :** | ગુજલક્ષ્મી ટ્રેડર્સના પ્રોપરાઈટર,<br>નવીનચંદ રાયચંદ દક્ષિણી(ઠકકર)<br>સી.ઓ. અંશ એન્ટરપ્રાઈઝ,<br>દુકાન નં.૩૩, માર્કેટીંગ યાર્ડ, મુ.તા.હળવદ, જી.મોરબી.<br>ઘરનું સરનામું:<br>(૧) રહે. પદમપ્રભુ સોસાયટી, એઈમ્સ હોસ્પીટલની બાજુમાં, પાલડી, અમદાવાદ.<br>(૨) રહે. ૧૭ ગાર્ડન વિલા બંગ્લોઝ, છત્રાલ રોડ, મુ.તા.કડી, જી.મહેસાણા. |

| | |
|---|---|
| **આરોપી તરફે વકીલશ્રી:-** | વી.જી.વ્યાસ |

-----------------------------------------

**ગુનો: ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ.**

-----------------------------------------

**FORM B**

| | |
|---|---|
| **બનાવ તારીખ** | ૨૩/૦૫/૧૮ |
| **ફરીયાદ તારીખ** | ૨૬/૦૬/૨૦૧૮ |
| **પ્લી નોંધ્યા તારીખ** | ૧૬/૦૩/૨૦૧૯ |
| **પુરાવો ચાલુ થયા તારીખ** | ૦૫/૧૧/૨૦૧૯ |
| **ચુકાદો અનામત રાખ્યા તારીખ** | ૨૪/૦૩/૨૦૨૬ |
| **ચુકાદા તારીખ** | ૨૪/૦૩/૨૦૨૬ |
| **સજા કરી હોય તો સજા તારીખ** | -- |

| આરોપી નં | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | ગુનો | તકસીરવાર /નિર્દોષ | સજા | સી.આર.પી.સી.ની કલમ:૪૨૮માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નવીનચંદ રાયચંદ દક્ષિણી | - | - | ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ | તકસીરવાન | આખરી હુકમ મુજબ | - |

FORM C

**ફરીયાદપક્ષે** /કોર્ટ /તરફે સાહેદ લીસ્ટ-:

| **ક્રમ** | **નામ** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદી-મનસુખભાઈ ઓઘડભાઈ પ્રજાપતિનું સરતપાસનું સોગંદનામું | ૦૫ |

| | | |
|---|---|---|
| ૨. | કલોઝીંગ પુરસીસ | ૪૫ |

**ફરીયાદપક્ષે** /કોર્ટ /તરફે દસ્તાવેજી લીસ્ટ–:

| **ક્રમ** | **લેખીત પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | તકરારી ચેક નં. ૦૧૫૩૬૮ | ૨૬ |
| ૨. | તકરારી ચેક નં.૦૧૫૪૧૩ | ૨૭ |
| ૩. | બેંકમાં ચેક જમા કરાવ્યાની સ્લીપ | ૨૮ |
| ૪. | રીર્ટન મેમા ચેક નં.૦૧૫૩૬૮ | ૨૯ |
| ૫. | રીર્ટન મેમા ચેક નં.૦૧૫૪૧૩ | ૩૦ |
| ૬. | આર.પી.એ.ડી. પહોંચ | ૩૧ |
| ૭. | વૈધાતીક નોટીસ | ૩૨ |
| ૮. | નોટીસ વગર બજે કવર સાથે પરત આવેલ તે કવર | ૩૩,૩૪ |
| ૯. | માલ વેચેલ તે બીલ નં.આર–૧૦૧ | ૩૪ |
| ૧૦. | માલ વેચેલ તે બીલ નં.આર–૧૦૩ | ૩૫ |
| ૧૧. | ગુ.ર.નં. ફર્સ્ટ–૫૩/૧૮ની એફ.આઈ.આર.ની નકલ | ૩૬ |

**બચાવપક્ષે** /કોર્ટ /તરફે સાહેદ લીસ્ટ–:

| **ક્રમ** | **નામ** | **આંક** |
|---|---|---|
| ૧. | સાહેદ નવીનચંદ રાયચંદભાઈ ઠકકરનું સરતપાસનું સોગંદનામું | ૫૦ |

હળવદ.

તા.૨૪/૦૩/૨૦૨૬ ( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ.

કોડ નં.જી.જે.૦૦૭૧૧.

::ઠરાવ::

૧. ફરીયાદી હળવદ માર્કેટીંગયાર્ડમાં દુકાન નં.૧૪૩માં પ્રજાપતિ ટ્રેડીંગ કયું.ના નામથી વેપાર કરીએ છીએ અને આ કામના તહોમતદાર હળવદ માર્કેટીંગયાર્ડમાં અંશ એન્ટરપ્રાઈઝ દુકાન નં.૩૩માં અંશ એન્ટરપ્રાઈઝની નીચે છેલ્લા બેથી ત્રણ વર્ષથી ખેત ઉત્પાહ્ની વસ્તુની લે-વેચનો વેપાર કરતા હતા તેથી એક વેપારીના નાતે છેલ્લા બેથી ત્રણ વર્ષથી પરિચયમાં છે. ફરીયાદીએ તહોમતદારને તા.૧૪-૩-૧૮ના રોજ ચણા વજન ૯૯-૭-૦ ભાવ રૂા.૬૮૫-૦૦ તેમજ વજન ૯૨-૧૯-૦ ભાવ રૂા.૬૮૭-૦૦થી એક અઠવાડીયાની ક્રેડીટે આપેલ જેની બિલ મુજબ કિંમત રૂા.૧,૩૩,૮૯૧-૦૦ થાય છે તેમજ તા.૧૬-૩-૧૮ના રોજ ચણા વજન ૯૬-૮-૦ ભાવ રૂા.૬૯૧-૦૦થી એક અઠવાડીયાની ક્રેડીટ ઉપર આપેલ જેની બિલ મુજબની કિંમત રૂા.૬૭૬૧૧/- થાય છે પરંતુ તે નાંણા તહોમતદાર અમોને એક અઠવાડીયામાં ચુકવેલ નહી તેથી ફરીયાદીએ ઉપરોકત નાંણાની ઉઘરાણી કરતા તહોમતદારે બેન્ક ઓફ ઈન્ડીયા હળવદ શાખાના તેના ખાતા નં.૨૦૯૨૨૦૧૧૦૦૦૦૧૬૯નો ચેક નં.૧૫૩૬૮, તા.૨૪-૩-૨૦૧૮નો રૂા.૧,૩૩,૮૯૧/-નો તેમજ બીજો ચેક નં.૧૫૪૧૩, તા.૨૬-૩-૧૮નો રૂા.૬૭૬૧૧/નો એકાઉન્ટ પેનો લખી તેની સહી કરી આપેલ અને એવો વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદર ચેક તમો જમાં કરાવશો એટલે તમને તમારી રકમ મળી જશે જે તહોમતદારની વાત ઉપર અમોએ વિશ્વાસ અને ભરોસો રાખેલ હતો. ઉપરોકત ચેક અમોએ તા.૨૩-૫-૧૮ના રોજ અમોના આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક, હળવદશાખામાં ખાતા નં. ૧૭૧૧૦૫૫૦૦૦૦૫માં જમા કરાવેલ પરંતુ તે ચેક તેજ દિવસે તા.૨૩-૫-૧૮ના રોજ અપુરતા ભંડોળના કારણે પરત ભરેલ જેની જાણ ફરીયાદીને અમોની બેન્કે કરતા ફરીયાદીએ તહોમતદારને જાણ કરવા પ્રયત્ન કરેલ પરંતુ તહોમતદારે અમોને જેમ ચેક આપેલ હતા તેવીજ રીતે હળવદ માર્કેટીંગ યાર્ડમાં મોટા ભાગની દુકાનના વેપારીઓને ચેક આપેલ છે અને તે નાંણા ચુકવવા ન પડે તેથી તહોમતદારે તેની દુકાન બંધ કરી અજાણ્યા સ્થળે ચાલ્યા ગયેલ છે અને અમો ફરીયાદીને વાતો-વાતથી જાણવા મળેલ છે કે

તહોમતદાર ઉપર આશરે છ કરોડનું દેણુ થઈ ગયેલ છે તેથી તહોમતદાર ગામ મુકી જતો રહેલ છે અને કયારેક–કયારેક છુપી રીતે તેની દુકાને તેમજ ઉપરોકત ઘરના સરનામે આવે છે. તેથી તેની દુકાન અને ઘરના સરનામે સદર નોટીસ મોકલવાની અમોને ફરજ પડેલ છે. ઉપરોકત તમામ હકીકત જોતા તહોમતદારનો પ્રથમથી જ ઈરાદે અમો ફરીયાદીના કાયદેસરના લેણા નાંણા ડુબાડવાનો હતો તે સ્પષ્ટ થાય છે તેથી જ તહોમતદારે માત્ર એક અઠવાડીયાની ક્રેડીટના આધારે માલ લીધેલ હોવા છતા આટલો લાંબો સમય સુધી કાયદેસરના લેણા નાંણા પરત કરેલ નહી તેમજ ચેક પણ લખી આપેલ હોવા છતા આજસુધી અમો ફરીયાદીના કાયદેસરના લેણા–નાંણા તહોમતદારે ચુકવેલ નથી તેથી તહોમતદારે ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ છે જે ફોજદારી ગુનો બને છે તેમજ તહોમતદારે એન.આઈ.એકટની કુલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરી બેઠો છે. ઉપરોકત હકીકતે તહોમતદારે આપેલ ચેકનો અનાદર થતા તે અંગે તા.૩૧–૫–૧૮ના રોજ તહોમતદારને રજી.એડી. દ્વારા ચેકની રકમની માંગણી અંગે નોટીસ દુકાનના તેમજ ઘરના સરનામે મોકલવામાં આપેલ હતી પરંતુ દુકાનના સરનામા વાળી નોટીસ દુકાન બંધના શેરા સાથે તા.૧–૬–૧૮ના રોજ પરત ફરેલ છે. તેમજ ઘરના સરનામે મુ.કડી મોકલાવેલ નોટીસ પણ ઘર બંધના શેરા સાથે અમોને તા.૮–૬–૧૮ના રોજ પરત ફરેલ છે. પરંતુ આજદિન સુધી અમોની ચેકની રકમ તહોમતદારે અમોને ચુકવી આપેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. ફરીયાદીએ તા.૧૬–૬–૧૮ના રોજ હળવદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.ફસ્ટ ૫૩/૧૮થી આઈ.પી.સી.ની કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબની ફરીયાદી આ કામના તહોમતદાર ગજલક્ષ્મી ટ્રેડર્સવાળા નવીનચંદ્ર રાયચંદભાઈ દક્ષીણી તેમજ તેનો પુત્ર ધ્રુવકુમાર નવીનચંદ તેમજ રાજુભાઈ કાંતીભાઈ તેમજ અંશ એન્ટરપ્રાઈઝના પ્રોપરાયટર અશોકભાઈ ગાંડાભાઈ બાપોદરીયા સામે રૂા.૩,૬૧,૧૨,૫૯૮/–ની રકમની ગુન્હાહિત વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદ કરેલી છે અને તહોમતદાર આજસુધી ભાગતા ફરે છે. આ ફરીયાદ તેવા કારણસર રજુ કરીએ છીએ કે તહોમતદાર જાણતો હતો કે તેના ખાતામાં પુરતુ બેલેન્સ નથી અને ચેક

કિલીયર થશે નહી તેમ છતા છેતરવાના બદઈરાદે અમો ફરીયાદીને ચેક આપેલો જેનો અનાદર થયેલ છે જે આ કલમ અન્વયે શિક્ષાને પાત્ર ગુન્હો બને છે અને ચેકનો અનાદર થતાં તે અંગે સમય મર્યાદામાં આરોપીને નોટીસ આપેલ છે અને હાલની ફરીયાદ પણ સમયમર્યાદામાં ઘખલ કરેલ છે અને સદર ગુન્હો આપ નામદાર કોર્ટની હકુમતમાં બનેલ હોય તેથી ફરીયાદ ચલાવવા આપ નામદાર કોર્ટને હકુમત છે. સબબ અરજ કે,ઉપરોકત તમામ હકીકત તેમજ પુરાવાને ધ્યાને લઈ ફરીયાદીની ફરીયાદ દાખલ કરી અમોનો પુરાવો લઈ આરોપી સામે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અને ૧૪૨ મુજબ કાર્યવાહી કરી દંડ અને સજા ફરમાવતો હુકમ કરવા મહેરબાની કરશોજી તેમજ નામ.કોર્ટને ન્યાયના વિશાળ હિતમાં યોગ્ય લાગે તે દાદ આપવા મહેરબાની કરશોજી.

૨. ફરીયાદ રજુ કરતાં ફોજદારી કાર્યરીતિ સંહિતા:૧૯૭૩(કે જેને સરળતા ખાતર આ ઠરાવમા હવે પછી ''સંહિતા'' તરીકે સંબોઘવામાં આવ્યા છે) કલમ:૨૦૦ અન્વયે ફરીયાદીના સોગંદ ઉપરના વેરીફીકેશન ધ્યાને લઈ, સી.આર.પી.સી.,૧૯૭૩ કલમ:૨૦૪ અન્વયે આરોપી સામે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૮૮૧, કલમ-૧૩૮ મુજબના ગુના સબબ સમન્સ કાઢવામાં આવેલ. જેની ઘોરણસરની બજવણી થતાં આરોપી તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થયેલ. આરોપીને ફરીયાદ તથા સાઘનીક દસ્તાવેજોની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિમિનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ની કલમ:૨૫૧ મુજબ આરોપીની આંક:૧૦થી પ્લી નોંઘવામાં આવેલ. જે અન્વયે આરોપીએ ગુન્હો કબુલ કરવાનો ઈન્કાર કરેલ હોવાથી હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે.

૩. ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીને પોતાના વિરુઘ્ઘ રજુ

કરવામાં આવેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓનું ખંડન કરવા તક આપવી ન્યાયોચિત જણાયેલ હોવાથી, **બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧(ઓલ્ડ ક્રીમીનલ પ્રોસીજર કોડ,૧૯૭૩ કલમ–૩૧૩)** અન્વયે આરોપીનું વિશેષનિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે, સોગંદપર જુબાની આપવી છે, બચાવપક્ષે સાહેદ તપાસવા છે, અને મારે પુરાવો રજુ કરવો છે.

૪. ફરીયાદપક્ષ તથા બચાવપક્ષે આ સિવાય અન્ય કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

૫. પ્રસ્તુત ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદી દ્વારા પોતાના કેસના સમર્થનમાં ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ કલમ ૩૧૪ (૧) અન્વયે મૌખીક દલીલ કરવામાં આવેલ છે તથા આંક–૬૮થી લેખિત દલીલ રજુ કરેલ છે, જે ધ્યાને લેવામાં આવેલ છે.

૬. અદાલત સમક્ષ આખરી ન્યાયીક નિર્ણય કરવા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–:: મુદ્દા ::–</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, વાદગ્રસ્ત ચેક તેમના કાયદેસરના દેવાની પુરેપુરી અથવા અંશત: ચુકવણી માટે આરોપી તરફથી આપવામાં આવેલ અને તે સમય મર્યાદામા બેંકમાં રજુ કરતા ''અપુરતા ભંડોળ'' હોવાના કારણસર પરત ફરેલ છે.?

(૨) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તેઓએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ કાયદેસર સમયમર્યાદામાં આરોપીઓને નોટીસ આપવા છતાં,

આરોપીએ ફરીયાદીશ્રીને વાદગ્રસ્ત ચેકની રકમ પરત ન કરી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે શિક્ષાપાત્ર ગુન્હાહિત કૃત્ય કરેલ છે ?

(૩) શું હુકમ ?

**૭.** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં,

(૨) હકારમાં,

(૩) આખરી હુકમ અનુસાર.

**:: <u>નિર્ણયો માટેના કારણો</u> ::**

**<u>મુદા નં ૧ અને ૨ પરત્વે કારણો</u>**

૮. મુદ્દા નં.૧ અને ૨ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય,હકીકતોનુ પુનરાવર્તન ટાળવાના હેતુસર અત્રે સંયુકત ચર્ચા કરવામાં આવેલ છે.

**૯.૧** આ કામે આંક–૧વાળી ફરીયાદ મુજબ ફરીયાદીએ અત્રેની અદાલતમાં ફરીયાદ દાખલ કરેલ તે ફરીયાદના સમર્થનમાં ફરીયાદી મનસુખભાઈ ઓઘડભાઈ પ્રજાપતિએ આંક–૦૫થી પુરાવાનુ સોગંદનામું રજુ કરેલ છે. જે હકીકત મુજબ ફરીયાદી હળવદ માર્કેટીંગયાર્ડમાં દુકાન નં.૧૪૩માં પ્રજાપતિ ટ્રેડીંગ કયું.ના નામથી વેપાર કરીએ છીએ અને આ કામના તહોમતદાર હળવદ માર્કેટીંગયાર્ડમાં અંશ એન્ટરપ્રાઈઝ દુકાન નં.૩૩માં અંશ એન્ટરપ્રાઈઝની નીચે છેલ્લા બે થી ત્રણ વર્ષથી ખેત ઉત્પાન્નની વસ્તુની લે–વેચનો વેપાર કરતા હતા તેથી એક વેપારીના નાતે છેલ્લા બેથી ત્રણ વર્ષથી પરિચયમાં છે. ફરીયાદીએ તહોમતદારને તા.૧૪–૩–૧૮ના રોજ ચણા વજન ૯૯–૭–૦ ભાવ રૂા.૬૮૫–૦૦ તેમજ વજન ૯૨–૧૯–૦ ભાવ રૂા.૬૮૭–૦૦થી એક અઠવાડીયાની

ક્રેડીટે આપેલ જેની બિલ મુજબ કિંમત રૂા.૧,૩૩,૮૯૧–૦૦ થાય છે તેમજ તા.૧૬–૩–૧૮ના રોજ ચણા વજન ૯૬–૮–૦ ભાવ રૂા.૬૯૧–૦૦થી એક અઠવાડીયાની ક્રેડીટ ઉપર આપેલ જેની બિલ મુજબની કિંમત રૂા.૬૭૬૧૧/–થાય છે પરંતુ તે નાંણા તહોમતદાર અમોને એક અઠવાડીયામાં ચુકવેલ નહી તેથી ફરીયાદીએ ઉપરોકત નાંણાની ઉઘરાણી કરતા તહોમતદારે બેન્ક ઓફ ઈન્ડીયા હળવદ શાખાના તેના ખાતા નં.૨૦૯૨૨૦૧૧૦૦૦૦૧૬૯નો ચેક નં.૧૫૩૬૮, તા.૨૪–૩–૨૦૧૮નો રૂા.૧,૩૩,૮૯૧/–નો તેમજ બીજો ચેક નં.૧૫૪૧૩, તા.૨૬–૩–૧૮નો રૂા.૬૭૬૧૧/નો એકાઉન્ટ પેનો લખી તેની સહી કરી આપેલ અને એવો વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદર ચેક તમો જમાં કરાવશો એટલે તમને તમારી રકમ મળી જશે જે તહોમતદારની વાત ઉપર અમોએ વિશ્વાસ અને ભરોસો રાખેલ હતો. ઉપરોકત ચેક અમોએ તા.૨૩–૫–૧૮ના રોજ અમોના આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક, હળવદશાખામાં ખાતા નં.૧૭૧૧૦૫૫૦૦૦૦૫માં જમા કરાવેલ. પરંતુ તે ચેક તેજ દિવસે તા.૨૩–૫–૧૮ના રોજ અપુરતા ભંડોળના કારણે પરત ભરેલ જેની જાણ ફરીયાદીને અમોની બેન્કે કરતા ફરીયાદીએ તહોમતદારને જાણ કરવા પ્રયત્ન કરેલ પરંતુ તહોમતદારે અમોને જેમ ચેક આપેલ હતા તેવી જ રીતે હળવદ માર્કેટીંગયાર્ડમાં મોટાભાગની દુકાનના વેપારીઓને ચેક આપેલ છે અને તે નાંણા ચુકવવા ન પડે તેથી તહોમતદારે તેની દુકાન બંધ કરી અજાણ્યા સ્થળે ચાલ્યા ગયેલ છે અને અમો ફરીયાદીને વાતોવાતથી જાણવા મળેલ છે કે તહોમતદાર ઉપર આશરે છ કરોડનું દેણુ થઈ ગયેલ છે તેથી તહોમતદાર ગામ મુકી જતો રહેલ છે અને કયારેક–કયારેક છુપી રીતે તેની દુકાને તેમજ ઉપરોકત ઘરના સરનામે આવે છે. તેથી તેની દુકાન અને ઘરના સરનામે સદર નોટીસ મોકલવાની અમોને ફરજ પડેલ છે. ઉપરોકત તમામ હકીકત જોતા તહોમતદારનો પ્રથમથી જ ઈરાદે અમો ફરીયાદીના કાયદેસરના લેણા નાંણા ડુબાડવાનો હતો તે સ્પષ્ટ થાય છે તેથી જ તહોમતદારે માત્ર એક અઠવાડીયાની ક્રેડીટના આધારે માલ લીધેલ હોવા છતા આટલો લાંબો સમય સુધી કાયદેસરના

લેણા નાંણા પરત કરેલ નહી તેમજ ચેક પણ લખી આપેલ હોવા છતા આજ સુધી ફરીયાદીના કાયદેસરના લેણા–નાંણા તહોમતદારે ચુકવેલ નથી તેથી તહોમતદારે ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ છે જે ફોજદારી ગુનો બને છે તેમજ તહોમતદારે એન.આઈ.એકટની કુલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરી બેઠો છે. ઉપરોકત હકીકતે તહોમતદારે આપેલ ચેકનો અનાદર થતા તે અંગે તા.૩૧–૫–૧૮ના રોજ તહોમતદારને રજી.એડી. દ્વારા ચેકની રકમની માંગણી અંગે નોટીસ દુકાનના તેમજ ઘરના સરનામે મોકલવામાં આપેલ હતી પરંતુ દુકાનના સરનામા વાળી નોટીસ દુકાન બંધના શેરા સાથે તા.૧–૬–૧૮ના રોજ પરત ફરેલ છે. તેમજ ઘરના સરનામે મુ.કડી મોકલાવેલ નોટીસ પણ ઘર બંધના શેરા સાથે અમોને તા.૮–૬–૧૮ના રોજ પરત ફરેલ છે. પરંતુ આજદિન સુધી અમોની ચેકની રકમ તહોમતદારે અમોને ચુકવી આપેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. ફરીયાદીએ તા.૧૬–૬–૧૮ના રોજ હળવદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.ફસ્ટ ૫૩/૧૮થી આઈ.પી.સી.ની કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબની ફરીયાદી આ કામના તહોમતદાર ગજલક્ષ્મી ટ્રેડર્સવાળા નવીનચંદ્ર રાયચંદભાઈ દક્ષીણી તેમજ તેનો પુત્ર ધ્રુવકુમાર નવીનચંદૂતેમજ રાજુભાઈ કાંતીભાઈ તેમજ અંશ એન્ટરપ્રાઈઝના પ્રોપરાયટર અશોકભાઈ ગાંડાભાઈ બાપોદરીયા સામે રૂા.૩,૬૧,૧૨,૫૯૮/–ની રકમની ગુન્હાહિત વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદ કરેલી છે અને તહોમતદાર આજસુધી ભાગતા ફરે છે. આ ફરીયાદ તેવા કારણસર રજુ કરીએ છીએ કે તહોમતદાર જાણતો હતો કે તેના ખાતામાં પુરતુ બેલેન્સ નથી અને ચેક કિલીયર થશે નહી તેમ છતા છેતરવાના બદઈરાદે અમો ફરીયાદીને ચેક આપેલો જેનો અનાદર થયેલ છે જે આ કલમ અન્વયે શિક્ષાને પાત્ર ગુન્હો બને છે અને ચેકનો અનાદર થતાં તે અંગે સમય મર્યાદામાં આરોપીને નોટીસ આપેલ છે અને હાલની ફરીયાદ પણ સમયમર્યાદામાં દાખલ કરેલ છે અને સદર ગુન્હો આપ નામદાર કોર્ટની હકુમતમાં બનેલ હોય તેથી ફરીયાદ ચલાવવા આપ નામઘર કોર્ટને હકુમત છે. સબબ અરજ કે,ઉપરોકત તમામ હકીકત તેમજ પુરાવાને ધ્યાને

લઈ ફરીયાદીની ફરીયાદ દાખલ કરી અમોનો પુરાવો લઈ આરોપી સામે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અને ૧૪૨ મુજબ કાર્યવાહી કરી દંડ અને સજા ફરમાવતો હુકમ કરવા મહેરબાની કરશોજી તેમજ નામ.કોર્ટને ન્યાયના વિશાળ હિતમાં યોગ્ય લાગે તે દાદ આપવા મહેરબાની કરશોજી.

સદર ફરીયાદી સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે,એ વાત ખરી છે કે અમોએ હાલનો કેસ નવીનચંદ રાયચંદ દક્ષીણી વીરુઘ્ધ કરેલ છે. એ વાત ખરી નથી કે હુ હળવદ માકેટીગ યાડ નો સભ્ય છુ. મને હળવદ માકેટીગયાર્ડ તરફથી પ્રજાપતી ટેડીગ કંપની તરફની લાયસન્સ ઈસ્યુ કરવામા આવેલ છે. એ વાત ખરી છે કે હળવદ માકેટીગયાર્ડમાં આરોપીનુ નામ નવીનચંદ રાયચંદ ઠકકર નોઘેલ છે. એ વાત હુ કહી શકુ નહી કે મે હાલની ફરીયાદમા આરોપીના નામમા અટક તરીકે દક્ષીણી તેમ લખેલ છે. એ વાત ખરી નથી કે આરોપીની દક્ષીણી અટક હોવાનુ મારી પાસે કોઈ પુરાવો ન હોવાછતા ખોટી અટક કરેલ છે. એ વાત ખરી છે કે આરોપીની અટક દક્ષીણી હોવા બાબતે હાલના કેસમા કોઈ પુરાવો રજુ કરેલ નથી. એ વાતની મને ખબર નથી કે પ્રજાપતી ટેડીગ કંપનીના અમે પોપરાઈટર હોવા બાબતનું દર્શાવવા આ પેઢીનો જીએસટી નંબર કે નગરપાલીકામાં ટેકસ ભરેલ હોય તેની પહોંચ આ કામે રજુ કરેલ કે કેમ. એ વાત મને ખબર નથી કે એ.પી.એમ.સી.,હળવદ તરફથી અમારી પેઢીને આપવામાં આવેલ લાયસન્સ આ કામે રજુ કરેલ છે કે કેમ. એ વાત ખરી નથી કે તા.૧૪/૩/૧૮નુ બીલ નં.આર–૧૦૧ની ડુપ્લીકેટ કોપી આ કામે રજુ કરેલ છે. મને માકે ૩/૧૦ બતાવામાં આવે છે જે જોઈ ને કહુ છુ કે આ બીલ નં.આર–૧૦૧ ઉપર ડુપ્લીટ લખેલ છે. એ વાત ખરી છે કે તા.૧૬/૩/૧૮નુ બીલ નં.આર–૧૦૩નું ડુપ્લીકેટ કોપી હાલના કામે રજુ

કરેલ છે. એ વાત ખરી છે કે બીલની અસલ કોપી જેને માલ વેચાણ આપેલ હોય તેને આપવામા આવે છે અને ડુપ્લીકેટ કોપી અમો રાખીએ છીએ. એ વાત ખરી છે કે ઉપરોકત બને બીલની એક કોપી માલ ખરીદનારને આપેલ અને ડુપ્લીકેટ કોપી અમોએ રાખેલ. મને માર્ક ૩/૧૦ તથા ૩/૧૧ બતાવામા આવે છે જે જોઈને કહુ છુ કે આ બીલ ગજલક્ષ્મી ટેડર્સનુ છે. મને માર્ક ૩/૧૦ તથા ૩/૧૧ બતાવામા આવે છે જે જોઈને કહુ છુ કે આ બીલમા કોઈ સરનામુ બતાવામાં આવેલ નથી. મને માર્ક ૩/૧૦ તથા ૩/૧૧ બતાવામા આવે છે જે જોઈ ને કહુ છુ કે આ બીલમા ગાડીનો નંબર લખેલ નથી. મને માર્ક ૩/૧૦ તથા ૩/૧૧ બતાવામાં આવે છે જે જોઈને કહુ છુ કે આ બીલમા મારી કોઈ સહી નથી. એ વાત ખરી છે કે અમોએ આ બીલ મુજબ ચણાનો માલ આરોપીને આપેલ છે. એ વાત ખરી નથી કે ચણાનો માલ આરોપીને આપેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આ બીલ આરોપી કે આરોપીના માણસને આપેલ હશે. એ વાત ખરી છે કે માક ૩/૧૦ તથા ૩/૧૧ના બીલમાં આરોપીએ રીસીવ કરેલ હોય તેવું લખેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આ બીલ આરોપીની દુકાને જઈ રુબરુ આપેલ. એ વાત ખરી છે કે આરોપીનું આ બીલ રુબરુમા આપેલ હોય તેની સહી લેવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે તા.૧૪/૩/૧૮ના બીલની સામે તા.૨૪/૩/૧૮નો ચેક તથા તા.૧૬/૩/૧૮ના બીલની સામે તા.૨૬/૩/૧૮નો ચેક આપેલ. એ વાત ખરી છે કે બીલના દસ દીવસ બાદ ચેક અમોને મળેલ. એ વાત ખરી છે કે આરોપીએ મને ચેક આપેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આરોપીએ હળવદ માકેટીગ યાર્ડમા સમાધાન બાબતે યાર્ડમાં સેફટી પેટે ચેક આપેલા અને જો આરોપી

નાણા નહી ચુકવી આપે તો આ ચેક અમારે બેન્કમાં ભરવાના હતા. આરોપીએ આ સમાધાન મુજબ નાણા નહી ચુકવી આપતા યાર્ડની ઓફીસેથી આ ચેક અમોને મળેલ. એ વાતને મને ખબર નથી કે યાર્ડમા સમાધાન બાબતે કે આરોપીએ સમાધાન પેટે આરોપીએ યાર્ડમા ચેક જમા કરાવેલ પુરાવો આ કામે રજુ કરેલ કે કેમ. અમોને ચેક મળેલ ત્યારે વીગત ભરેલી હતી. આ ચેક આપનારે ચેક કઈ તારીખે ભરવાના છે તે જણાવેલ નહી. અમોને ચેક બીલ તારીખથી એકાદ મહીનાના અરસામા મળેલા. એ વાત ખરી છે કે આ ચેક અમોને એપ્રીલ મહીનામા મળેલ હશે. એ વાત ખરી છે કે આ ચેક અમોએ ચેક તારીખથી આશરે બે મહીના બાદ બેન્કમા જમા કરાવેલા. એ વાત ખરી છે કે આ ચેક બે મહીના પછી ભરવાનું અમને કોઈ એ જણાવેલ નહી. એ વાત ખરી છે કે આ બે માસના ગાળામા અમે જાતે કે વકીલ મારફતે આરોપીને બાકી નાણા અંગેની કોઈ નોટીસ આપેલ નહી. એ વાત ખરી છે કે અમોએ આરોપીને આપેલ નોટીસમા નવીનચંદ્ર રાયચદ્ર દક્ષીણીના નામે આપેલ છે અને જેમા અમદાવાદના સરનામામાં ઘર નંબર લખેલ નથી. એ વાત ખરી છે કે આરોપીને મોકલેલ નોટીસ બંધ કવરમા પરત ફરેલ છે. એ વાત ખરી છે કે આ નોટીસ મોકલેલ ત્યારે હળવદ માર્કેટીગયાર્ડની દુકાન.૩૩ બંધ હોવાની મને ખબર હતી. એ વાત ખરી નથી કે આ દુકાન બંધ હોવાનું જાણતા હોવા છતા ખોટો પુરાવો ઉભો કરવા દુકાનના સરનામે નોટીસ મોકલેલ. એ વાત ખરી છે કે આરોપી હાલના કેસમા હાજર થયા બાદ આ નોટીસ આરોપીને બજાવેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે હાલના કામે હળવદ પોસ્ટે ગુના નં. ફર્સ્ટ. ૫૩/૧૮ની એફ.આઈ.આર.ની નકલ રજુ કરેલ છે. એ વાત મને ખબર

નથી કે આ ફરીયાદ કરતા પહેલા અમે હળવદ પોસ્ટે અરજી આપેલ કે કેમ. મને માર્ક ૩/૧૨ની એફ.આઈ.આર. બતાવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમાં એવી હકીકત લખેલ છે કે ''આજરોજ આપ સાહેબ મને મે અશોકભાઈ ગાંડાલાલ બાપોદરીયા અંશ એન્ટરપ્રાઈઝ તથા નવીનચંદ રાયચંદ દક્ષીણી તથા ધ્રુવકુમાર નવીનચંદ ગજલક્ષ્મી ટેર્ડસવાળા તથા રાજુભાઈ કાન્તીભાઈ ગજલક્ષ્મી ટેડ્ર્સના માણસ વીરુધ્ધ મે અરજી કરેલ હોય જે અરજી બાબતે સમજ કરી મારી પુછપરછ કરતા લખાવુ છુ કે.''એ વાત મને હાલ યાદ નથી કે અમોએ આરોપી વીરુધ્ધ હળવદ પોસ્ટે કઈ તારીખે અરજી કરેલી. એ વાત ખરી છે કે અમોએ આરોપીને કેટલા રુપીયાનો માલ આપેલ તે આ પોલીસ ફરીયાદમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારી ફરીયાદમા એવી હકીકત જણાવેલ છે કે અમોએ આરોપીને તા.૩૧/૫/૧૮ના રોજ નોટીસ આપેલ જે નોટીસ તા.૧/૬/૧૮ અને તા.૮/૬/૧૮ના રોજ પરત કરેલ હોવાનુ જણાવેલ છે. એ વાત ખરી છે કે અમો એ આરોપી અને અન્ય માણસો સામે તા.૧૬/૬/૧૮ના રોજ એફ.આઈ.આર. ફળાવી. એ વાત ખરી છે કે પોલીસ ફરીયાદ આપતા પહેલા અમોએ ફરીયાદવાળા ચેક બેન્કમા ભરેલા. એ વાત ખરી છે કે આ ચેક રીટર્ન થયા બાદ તા.૩૧/૫/૧૮ના રોજ અમોએ આરોપીને વકીલ મારફત નોટીસ આપેલી. એ વાત ખરી છે કે મે આપેલ પોલીસ ફરીયાદમા હાલની ફરીયાદવાળા ચેક, આ ચેક પરત ફર્યા અંગે, ચેકની રકમ કે નોટીસ અંગેની વીગત દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે મારી પોલીસ ફરીયાદમાં આરોપીએ અમને ચેક આપેલ હોય તેવુ જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારી પોલીસ ફરીયાદમા એવી હકીકત જણાવેલ છીએ કે આરોપીએ બે ત્રણ દીવસમા લેણી રકમ

રૂા.૨૩,૬૯,૫૧૭/– પરત આપવાનુ જણાવેલ. એ વાત ખરી છે કે હાલની ફરીયાદમા એક અઠવાડીયાની કેડીટ ઉપર બીલ મુજબનું માલ આપ્યા હોવાનું જણાવે છે. અંશ એન્ટરપ્રાઈઝ અને ગજ લક્ષ્મી ટેડર્સએ બે અલગ અલગ માલીકની પેઢી છે. એ વાત ખરી છે કે અંશ એન્ટરપ્રાઈઝના માલીક અશોકભાઈ ગાડાભાઈ બાપોદરીયા છે અને ગજલક્ષ્મી ટેડર્સના માલીક નવીનચંદ રાયચંદ છે. ધ્રુવકુમાર નવીનચંદ અને રાજુભાઈ કાન્તીભાઈનાઓ અંશ એન્ટરપાઈઝ અને ગજલક્ષ્મી ટેડ્ર્સ સાથે જોડાયેલ છે. એ વાત ખરી છે કે આ બાબતનો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે હાલના ફરીયાદવાળા બને ચેકની કુલ રકમ ૨,૦૧,૫૦૨/– થાય છે. એ વાત ખરી છે કે પોલીસ ફરીયાદ કરતા સમયે હુ જાણતો હતો કે ગજલક્ષ્મી ટેડસ પાસેથી મારે રુપીયા ૨,૦૧,૫૦૨/– લેણી રકમ હતી. એ વાત ખરી છે કે મારી પોલીસ ફરીયાદમા કુલ લેણી રકમ ૨૩,૬૯,૫૧૭/– દર્શાવેલી અને તેમા આરોપીનું નામ જણાવેલ છે. એ વાત ખરી છે કે માલ ખરીદનાર પાસે અને વેચનાર પાસે જીએસટી નંબર હોય તો જ જીરુ અને એરંડાનુ બીલ બની શકે. અમોએ જીરુ અને એરડાનુ બીલ અંશ એન્ટરપાઈઝનું બનાવેલ. એ વાત ખરી નથી કે આ બીલ મુજબનુ જીએસટી ભરેલ છે. એ વાત ખરી છે કે જીએસટી ધરાવતા હોય અને બીલ બનાવામા ન આવે તો સરકારને જીએસટી મળે નહી. એ વાત ખરી છે કે મે આરોપીના નામનું બીલ બનાવેલ નહી પરંતુ સાદા કાગળ પર નાણા માગતા હતા. એ વાત ખરી છે કે મારી પોલીસ ફરીયાદમા મારી સાથે ૬૯ જણાના નામ જણાવેલ છે.  એ વાત ખરી છે કે આ ૬૯ જણા એ તેમણી લેણી રકમના પુરાવા મને આપેલા. એ વાત ખરી છે કે આ પુરાવા મે પોલીસને આપેલા. એ વાત ખરી છે કે આ પુરાવામા ગજલક્ષ્મી ટેડસ અને

અંશ એન્ટરપાઈઝના માલ આપ્યાની રસીદો હતી. એ વાત મને ખબર નથી કે આ રસીદોમાં કોઈની સહીઓ હતી કે કેમ. એ વાત ખરી છે કે ગજલક્ષ્મી ટેડર્સને ચણા અને અંશ એન્ટપાઈઝને જીરુ અને એરડાની ડીલવરી કર્યાની પહોચો પોલીસ સ્ટેશન આપેલી. એ વાત મને ખબર નથી કે આ રસીદોમા કોઈની સહીઓ હતી કે કેમ. એ વાત ખરી છે કે પોલીસ ફરીયાદ કયા બાદ હાલની ફરીયાદ કયા હોવા છતા હાલની ફરીયાદમા રસીદ રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે મે આરોપીને કોઈ માલ આપ્યા ન હોવા છતા કે આરોપીએ મને જાતે કોઈ ચેક આપ્યા ન હોવા છતા ખોટી ફરીયાદ કરેલી છે.

૯.૨. ત્યારબાદ બચાવપક્ષે આંક–૫૦થી આરોપી નવીનચંદ રાયચંદ દક્ષિણીનાઓનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં તેઓએ ફરીયાદપક્ષની હકીકતને નકારી કાઢેલ છે અને તેઓની ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે,તે વાત ખરી છે કે અમો હળવદ માર્કેટયાર્ડમા વેપાર કરતા હતા. તે વાત ખરી છે કે અમો અશોકભાઈ ગાડાલાલ સામે તેઓ અમારી ગાડી અને ચેકબુક લઈ ગયેલાની ફરીયાદ કરેલી. તે વાત ખરી છે કે અમો આ કામના ફરીયાદી મનસુખભાઈ ઓધડભાઈ સામે ફરીયાદ કરેલી. તે વાતની મને ખબર નથી કે મે જે અરજી આપેલી તેની એફ.આઈ.આર ફાટેલી કે કેમ. તે વાત ખરી છે કે અશોકભાઈ ગાડાભાઈ સામે સાદી અરજી આપેલી બીજી કોઈ કાર્યવાહી કરેલ નહી. સાહેદ જણાવે છે કે હુ અરજી પછી દોઢ વર્ષ સુધી જેલમા હતો. તે વાત ખરી છે કે અમો જેલમાંથી આવ્યા પછી પાલડી પોલીસસ્ટેશનમા અરજી કરેલી. તે વાત ખરી છે કે આ કામે એવી કોઈ એફ.આર.આઈ. આ કામે રજુ કરેલ નથી. મારી સામે હળવદ કોર્ટમા લગભગ ૨૦, ૨૧ ફરીયાદ ચાલે છે.

તે વાત ખરી છે કે નેગો ૧૩૮ સીવાયની અમારી સામે એક ફરીયાદ આઈ.પી.સી કલમ ૪૦૬, ૪૨૦ની હળવદમાં છે. તે વાત ખરી છે કે આ સીવાય અમારી સામે કડી કોર્ટમાં આઈ.પી.સી કલમ ૪૦૬, ૪૨૦ એન.સી.એ કંપની દ્વારા ફરીયાદ કરેલી છે. સવાલ : બેક તરફથી તમારી વીરુધ્ધ કોઈ કાર્યવાહી કરેલી છે. જવાબ : મે કોઈ બેકમાથી લોન લીધેલ નહી. તે વાત ખરી નથી કે અમો અમારા સોગંધનામામાં એવું લખેલ કે (ઉપરોકત બંને ચેકો તેમને અમો આરોપી આપેલ નથી પરતુ તેમને માકેટીગયાર્ડ વાળાએ આપેલ છે. સાહેદ જણાવે છે કે આવુ લખેલ છે પરતુ આવુ મનસુખભાઈએ જુબાનીમા જણાવેલ એમ લખેલ છે.) તે વાત ખરી નથી કે અમારે ફરીયાદીને ચેકની રકમ આપવી ન પડે એટલે અશોકભાઈ ગાડાભાઈ સામે ખોટા આક્ષેપો કરેલ છે અને હાની ખોટી જુબાની આપુ છુ. તે વાત ખરી નથી કે સરતપાસમાં ખોટી હકીકત જણાવેલ છે અને ખોટી જુબાની આપુ છુ.

**૧૦.** આ કામના આરોપી વિરૃધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુ મેન્ટ એકટ ૧૮૮૧ની કલમ-૧૩૮ના ગુનાનો આરોપ હોય સદર કાનુની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી બને છે.

(૧) કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામા આવેલો હોવો જોઈએ.

(૨) ચેક લખનાર વ્યકિતના ખાતામાં અપુરતા નાણાં ભંડોળના અભાવે ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ.

(૩) ચેક લખ્યા તારીખથી છ માસની સમય મર્યાદામાં કલીયર થવા માટે બેંકમાં રજુ થયેલ હોવો જોઈએ.

(૪) ચેકનો અનાદાર થયા બાદ બેંક તરફથી માહિતી મળ્યાના ૧૫

દિવસની અંદર (નવા સુધારા બાદ ૩૦ દિવસની અંદર) ચેક લખનારને લેખિત ડિમાન્ડ નોટીસ આપીને ચેકમાની રકમની માંગણી કરેલી હોવી જોઈએ.

(૫) નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ.

(૬) દેવુ કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.

ઉપરોકત તમામ તત્વો સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થાય તો જ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ની કલમ–૧૩૮ અન્વયે આરોપીને દોષિત ઠરાવી શકાય.

**૧૧.** ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ની કલમ–૧૧૮ના પ્રબંધો ધ્યાને લઈએ તો:–

'' વટાઉખત વિશે માની લેવાની બાબત છે એટલે કે જો વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજ માટે કરી આપ્યું હતું અથવા લખી આપ્યું હતું કે સ્વીકારવામા આવ્યું હતું તથા તેના ઉપર તારીખ હોય તેવા દરેક વટાઉખત તે તારીખે કરી આપ્ય અથવા લખી આપ્યું હતું તે અંગે કોર્ટ અનુમાન કરી શકશે તથા સ્વીકારોયેલું વટાઉખતની દેરક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.''

**૧૧.૧.**ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ની કલમ ૧૧૮ના પ્રબંધો ધ્યાને લઈએ તો:–

'' વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ના દર્શાવ્યા મુજબ કોઈ

દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં એ ચેક મેળવ્યો હશે.''

**૧૨.** ફોજદારી ન્યાયપ્રણાલિના મુળભુત અને પાયાના સિધ્ધાંતો મુજબ આરોપી સામે આક્ષેપવામા આવેલ તહોમત શંકારહિત રીતે પુરવાર કરવાનો ભાર ફરીયાદ પક્ષે રહેલો છે. જો ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉપસ્થિત થાય તો શંકાનો લાભ આરોપીની તરફેણમાં રહે છે. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાઓનુ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮, ૧૪૨નાં ગુનાના આવશ્યક તત્વો તથા ફરીયાદ હકીકતના સંદર્ભે મુલ્યાંકન કરવાનુ રહે છે. આ કામ સૌપ્રથમ સદર કેસ બાબતે ધી નેગો. એકટની કલમ-૧૩૮ અન્વયેનો ગુનો સ્થાપિત કરવા માટે મહતવના જે તત્વો છે તે ધ્યાનમાં લેવામાં આવે તો કાયદેસરના લેણાં પેટે ચેક આપેલ હોય,તે ચેક સમયમર્યાદામાં બેંકમાં રજુ કરવામાં આવેલ હોવો જોઈએ, સદર ચેક આરોપીની બેંકમાથી વગર સ્વીકારાયે પરત આવેલ હોવો જોઈએ, જેની જાણ ફરીયાદીને થયા બાદ ફરીયાદીએ આરોપીને દિન-૩૦માં સદર ચેકના અસ્વીકાર બાબતેની નોટીસ આપવી જોઈએ અને તેમાં ચેકની રકમનો ઉલ્લેખ કરેલો હોવો જોઈએ અને નોટીસ મળ્યા બાદ દિન-૧૫માં આરોપી જો ચેકની રકમ ફરીયાદીને ચુકવી ન આપે તો ધી નેગો. કલમ-૧૩૮ અન્વયેના ગુનાના તત્વો પરીપુર્ણ થતા હોય ત્યારબાદ જ ફરીયાદ કરવા માટેનુ કારણ ઉપસ્થિત થાય છે. વધુમાં નામ. સુપ્રિમકોર્ટે મુસરફ હુસન ખાન વિ. ભગીરત એન્જીનીયરીગ લી. અને બીજાઓના એ.આઈ.આર.૨૦૦૬ એસ.સી.૧૨૮૮ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, The Hon'ble Supreme Court of India has held that for securing conviction under Negotiable Instrument Act,1881

the fact which are required to be proved are (a) that the cheque was drawn for payment of an amount of money for discharge of a debt/ liability and the cheque was dishonoured (b) that the cheque was presented within prescribed period (c) that the payment made a demand for payment of the money by giving a notice in writing to the drawer within the stipulated period and (d) that the drawer failed to make the payment within fifteen days of the receipt of the notice.

**૧૩.** આમ, નેગો. ઈન્સ્ટુ. એકટના કાયદાની જોગવાઈઓ ઘ્યાને લેતાં તથા નામદાર સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતો ઘ્યાન લેતા આ કામ ફરીયાદપક્ષે આરોપી સામેનુ તહોમત પુરવાર કરવા માટે જે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે તેનુ ઝીણવટપુર્વક મુલ્યાંકન કરી હાથ પરના કેસનો ન્યાયિક નિર્ણય કરવાનો રહે જેમાં સૌપ્રથમ ફરીયાદપક્ષે ફરીયાદીની આંક-૦૪ની સરતપાસનુ સોગંદનામુ રજુ રાખેલ છે જેમાં આંક-૧ની ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે તેમજ ફરીયાદમા જણાવેલ દસ્તાવેજી પુરાવાઓ આ કામ રજુ રાખેલા છે જે ઘ્યાન લેતા ધી નેગો. ઈન્સ્ટુ. કલમ- ૧૩૮, ૧૪૨ મુજબની ફરીયાદ અનુસાર આપેલ હોવાનુ જણાય આવે છે. કાયદાનો પ્રસ્થાપિત સિઘ્ધાંત પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી અનુસાર આરોપીએ નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ-૧૧૮ અને કલમ-૧૩૯ અનુમાનોનુ ખંડન થાય તેવી શકય હકીકતો રેકર્ડ ઉપર લાવવી જોઈએ. જે જોગવાઈઓ નીચે મુજબ છે.

118 presumptions as to Negotiable Instruments. untilll the contrary is proved, the following presumptions

shall be made (a) of consideration that every negotiable instrument was made or drawn for consideration and that every such instrument when it has been accepted, and endorsed, negotiated or transferred, was accepted, endorsed, negotiated or transferred of consideration (b) as to date. that every negotiable instrument bearing a date was made of drawn on such date. (C) as to time of acceptance. that every accepted bill of exchange was accepted within a reasonable time after it's time and before it's maturity(d) as to time of transfer. that every transfer of a negotiable instrument was made before it's maturity (e) as to order of endorsement. that the endorsement appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon (f) as to stamp. that a lost promissory note, bill of exchange or cheque was dully stamped (g) that holder is a holder in due course. that the holder of a negotiable instrument is a holder in due course. provided that where the instrument has been obtained from it's lawful owner, or from any person in lawful custody thereof, by means of an offense or fraud, or has been obtained from the maker or acceptor there of by means of an offense or fraud, or for lawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him. 139 presumption in favor of holder it shall be presumed unless the contrary is proved that the holder of a cheque

received of the nature referred into in section 138 for the discharge, in whole or in part of any debt or other liability.

વધુમાં, નામદાર સુપ્રિમકોર્ટે ૨૦૦૮ જી.એલ.એચ.૩૬૨ સુપ્રિમકોર્ટ કે.પ્રકાશન વિ.પી.કે.સુરેન્દ્રનના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે નેગો.ઈન્સ્ટુ.એકટ કલમ–૧૩૮ અને ૧૩૯ અન્વયે જયારે ચેકનો અનાદર થાય ત્યારે આવો ચેક કાયદેસરની જવાબદારી પુર્ણ કરવા માટે આપવામાં આવેલો હોય તેવું અનુમાન કરવાનુ રહે છે જે કાયદા મુજબનું અનુમાન રહેલ છે. ત્યારે આરોપીપક્ષે આવા અનુમાનનુ ખંડન કરતો પુરાવો આપવાનો રહે છે માત્ર ખુલાસો કરવો તે પર્યાપ્ત નથી પરંતુ આવા ખુલાસાને સમર્થન મળી રહે તેવો પુરાવો રજુ રાખવો જરૂરી છે. આમ, નામ.સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી સામેનો ગુનો વ્યાજબી શંકાથી પર સાબીત કરવા માટે નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ મુજબનુ અનુમાન ફરીયાદીની તરફેણમાં કોર્ટ કરે તે માટે તે મુજબનો પુરાવો કોર્ટ રૂબરૂ આપવો પડે. જે અનુસંધાને ફરીયાદપક્ષ કોર્ટ રૂબરૂ આપેલ પુરાવો ધ્યાને લઈએ જે વંચાણે લેવામાં આવે તો આ કામના આરોપીએ પોતાના રીબર્ટલ એવીડન્સમાં ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન કોર્ટરૂબરૂ એવી હકીકત ફરીયાદીની ઉલટતપાસમાં રજુ રાખેલ છે. જેમાં ફરીયાદી એ સ્પષ્ટપણે સ્વીકાર્યું છે કે,તે વાત ખરી છે કે મારી સાથે નવીનચંદ રાયચંદ ઠકકરે વ્યવહાર કરેલ જયારે હાલની ફરીયાદ નવીનચંદ્ર રાયચંદ દક્ષીણી વીરુધ્ધની છે. તે વાત ખરી છે કે હાલના આરોપી સામે કરેલ અન્ય ફરીયાદ ફો.કે.નં.૪૦૬/૧૮માં ચેકનો નંબર અને ચેકની એમાઉન્ટ અલગ અલગ છે પરંતુ આ બને ફરીયાદ ચણાના બાકી લેણાની છે. તે વાત ખરી છે

કે આ વહેવાર કોમોડીટી વ્યવહારની છે. તે વાત ખરી નથી કે આ વ્યવહારમા જી.એસ.ટી. નંબર હોવો જોઈએ. તે વાત ખરી છે કે માલ ખરીદનાર પાસે પણ જી.એસ.ટી નંબર હોવો જોઈએ. તે વાત ખરી છે કે આરોપી પાસે જી.એસ.ટી. નબર હતો કે કેમ તેની મે ખાતરી કરેલ નથી. તે વાત ખરી છે કે એ.પી.એમ.સી. હળવદના લાઈસન્સમા કોલમ નં.૧માં શ્રી લક્ષ્મીનારાયણ ટેડીગ કંપની નામ લખેલ છે તેમા પ્રોપરાઈટર તરીકે નામ લખેલ નથી. તે વાત ખરી છે કે તા.૩૧/૩/૧૮ પછીનુ લાઈસન્સ આ કામે રજુ કરેલ નથી. તે વાત ખરી નથી કે હાલની ફરીયાદમાં જણાવેલ વ્યવહાર તા.૩૧/૩/૧૮પછીના છે. તે વાત ખરી છે કે એ.પી.એમ.સી.ના લાઈસન્સમા કોલમ નં.પમાં મદદનીશ અગર પ્રતીનીધી તરીકે મારુ નામ જણાવેલ છે. તે વાત ખરી છે કે ચેક રીર્ટન થયા અંગેની આરોપીને આપેલ નોટીસના કવર બંધ હાલતમા પરત થયેલ છે. તે વાત ખરી છે કે આ નોટીસ બંધ કવરમા પરત આવ્યા બાદ આ નોટીસની કોઈ કોપી આરોપીને આપેલ હોય તેવુ બનેલ નથી. તે વાત ખરી છે કે ગજલક્ષ્મી ટેડ્રસના પ્રોપરાઈટર નવીનચંન્દ્ર રાયચંદ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. તે વાત ખરી છે કે આરોપીને મોકલેલ બંધ કવર ઉપર ગજલક્ષ્મી ટેડ્રસ નામ લખેલ નથી. તે વાત ખરી છે કે નવીનચંદ્ર રાયચંદનાઓ એ.પી.એમ.સી.મા મોટાપાયે ચણાનો વેપાર કરતા હતા. તે વાત ખરી છે કે હાલના આરોપી સામે હળવદ કોર્ટમા ચણાના વેપાર અંગેના અઢીથી ત્રણ કરોડ રુપીયાના ચેક રીર્ટન અંગેના કેસો ચાલે છે. તે વાત ખરી છે કે એ.પી.એમ.સી.,હળવદમા સટાથી વેપાર થઈ શકે નહી અને તે કાયદાકીય પ્રતીબંધ છે. એ વાત ખરી છે કે ફરીયાદવાળા ચેકમા ચેક લખનારની સહી અને ચેકની વીગતો અલગ–અલગ પેનથી લખાયેલ છે.

આરોપી વીરુધ્ધની મારી ચારચે ફરીયાદના ચેક મને અલગ અલગ તારીખે મળેલા. એ વાત ખરી છે કે હાલની ફરીયાદમા રજુ થયેલ દસ્તાવેજ સીવાયના અન્ય દસ્તાવેજ રજુ કરવા જરુરી નહી હોવાનુ માનીને હાલની ફરીયાદ કરેલી છે. એ વાત ખરી છે કે ચણાના પૈસા અમે ખેડુતોને ચુકવી આપેલ છે. એ વાત ખરી છે કે મારી અને આરોપીનો વચ્ચેનો વ્યવહાર ટ્રેડીંગ પ્રકારનો છે.

આમ, સમગ્રપણે રેકર્ડ પર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેવામાં આવે તો ફરિયાદીની તરફેણમાં રહેલ પ્રીઝમ્પશન રીબર્ટ કરવાનું બર્ડન આરોપીપક્ષ ઉપર હોચ ત્યારે આરોપીએ એ બતાવવાની ફરજ છે કે ફરિયાદપક્ષના પુરાવાથી કે પોતાના તરફે મૌખિક દસ્તાવેજી પુરાવા રજુ રાખી તેણે કાયદાથી તેના ઉપર નાખવામાં આવેલ બર્ડન રીબર્ટ કરેલ છે અને પછી ફરિયાદપક્ષે બતાવવું જોઈએ કે તેઓનો આવો અને આટલો પુરાવો છે જેથી આરોપી ઉપરનું બર્ડન રીબર્ટ થયેલ નથી. ફરિયાદીની તરફેણમાં કાયદાકીય અનુમાન હોય ત્યારે તેને રીબર્ટ કરવાનો બોજો આરોપી ઉપર જાય છે અને આરોપીએ પોતાની નિર્દોષતા સાબિત કરવાની છે જે બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતના ઈન્ડિયન બેન્ક એસોસીએશન વિરૂધ્ધ યુનીયન ઓફ ઈન્ડિયા ડીસાઈડેડ ઓન ૨૧/૦૪/૨૦૧૪ રીપોર્ટેડ ઈન એ.આઈ.આર. ૨૦૧૪ એસ.સી. ૨૫૨૮નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં સ્પષ્ટ સિધ્ધાંત પ્રસ્થાપીત કરવામાં આવેલ છે કે જયારે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તળેની ફરીયાદ દાખલ થાય ત્યારે ફરિયાદીની અને સાહેદોની જુબાની સોગંધનામાં ઉપર રજુ થાય અને પરત ફરેલા ચેક અને બેન્કના પુરાવા રજુ થાય ત્યારે ફરિયાદીનો કેસ

પ્રસ્થાપીત થયેલો ગણવો જોઈશે અને તેને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ના અનુમાનો લાગુ પાડવામાં આવશે. જેથી ફરિયાદપક્ષે જે જે મૌખિક તથા લેખિત પુરાવા રજુ થયેલ છે તેને પડકારેલ નથી નામદાર ગુજરાત હાઈકોર્ટના દેવાયત કાનાભાઈ ડેર આહિર વિરૂઘ્ઘ ગુજરાત રાજય ૨૦૧૩(૨) જી.એલ.આર.૧૨૭૧નો ચુકાદોવંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ડીવીઝન બેન્ચમાં આપેલ ચુકાદામાં સ્પષ્ટ કરેલ છે કે આરોપીના વકીલશ્રી તરફથી સાહેદોની ઉલટતપાસમાં પુછેલ હકીકતનો સાહેદે ઈન્કાર કરેલ હોવા છતા બચાવપક્ષના આરોપી ઘટના સમયે હાજરી સ્વીકારેલ છે જે બાબત નામદાર ગુજરાત હાઈકોર્ટે માન્ય રાખેલ છે. બચાવપક્ષે રેકર્ડ પર પોતાના બચાવમાં જે હકીકતો જણાવેલ છે તે અંગેના કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રેકર્ડ પર રજુ રાખેલ નથી જે જોતા આ કેસમાં કોઈ પ્રોબેબલ ડીફેન્સ રેકર્ડ પર નથી જેથી ફરિયાદી પાસે આરોપીના ખાતાનો ચેક પુરાવા તરીકે ઉપલબ્ઘ છે હાલના ફરિયાદી ચેકના કાયદેસરના ઘારક છે અને કોર્ટ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ મુજબ ચેકના ઘારકની તરફેણમાં અનુમાન કરી શકે તેમ છે. વધુમાં, ચેકના ઘારકે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮એ મુજબ ચેક લખ્યા તારીખથી નિયત સમયમાં ચેક બેન્કમાં રજુ કરવો તથા કલમ–૧૩૮બી મુજબ ચેક રીટર્ન થયાના ૩૦ દીવસમાં ચેકના ઘારણ કરનારે લેખિત નોટીસ આપી રકમની માંગણી કર્યાની તથા કલમ ૧૩૮સી મુજબ ચેક લખનાર નોટીસ મળ્યાના ૧૫ દીવસમાં નોટીસમાં માંગ્યા મુજબની રકમ ચુકવણીમાં નિષ્ફળ ગયેલ છે. હવે કલમ–૧૩૮એ મુજબ ચેક લખ્યાની તારીખથી નિયત સમયમાં ચેક બેન્કમાં રજુ કરવો

જોઈએ તે અંગે વિચાર કરવામાં આવે તો ફરીયાદપક્ષે જે ચેક રજુ કરેલ છે, જે રીટર્ન મેમો રજુ કરેલ છે જે ચેકમાં લખેલ તારીખથી નિયત સમય મર્યાદામાં ચેક બેન્કમાં રજુ થયેલ છે જે ફંડ ઈનસફીસીયન્ટના શેરા સાથે પરત ફરેલ છે અને આરોપી તરફે નોટીસનો જવાબ રજુ કરેલ નથી. પરંતુ તે અંગે રીબર્ટલ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આમ, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮એની જરૂરીયાતોનું પાલન થયેલ હોવાનું માનવામાં આવે છે. આ કામે ફરીયાદીએ આપેલ નોટીસ તથા આ નોટીસ મોકલ્યાની પહોંચ રજુ કરેલ છે, જે રહેણાંકના સ્થાને બજી ગયેલ છે જેથી નોટીસ બજવણીના સિધ્ધાંત મુજબ નામદાર સર્વોચ્ચ અદાલતના ડી. વિનોદ શીવપ્પા વિરૂધ્ધ નંદા બેલીઅપ્પા રીપોર્ટેડ ઈન એ.આઈ.આર ર૦૦૬ એસ.સી.ર૧૭૦ના ચુકાદાઓ વંચાણે લેવામાં આવે તો નોટીસ મોકલવી મહત્વની છે અને નોટીસ આરોપીના એડ્રેસ ઉપર મોકલાવી છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે દિનેશભાઈ મણીલાલ રાવલ વિરૂધ્ધ મનસુખભાઈ મણીલાલ પટેલ રીપોર્ટેડ ઈન ર૦૧ર જી.એલ.એચ. ઈ.એલ.એચ.સી.રર૬૪૯૦ના ચુકાદામાં ત્યાં સુધી જણાવેલ છે કે નોટીસ ન મળી હોય તો સમન્સ બજયાના ૧પ દીવસમાં ચેકની રકમનુ ચુકવણું અદાલતમાં કરી આપવાનું રહે છે તેમ છતા આરોપીએ કોઈ રકમની ચુકવણી કરેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આ કામે બચાવપક્ષે લેવામાં આવેલ તકરાર અંગે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી જયારે બચાવપક્ષે આ અંગેના કોઈ મૌખિક કે લેખિત આધાર પુરાવા આ રજુ કરી ખંડનાત્મક પુરાવો રજુ રાખી કોઈ રીબર્ટલ પુરાવો રજુ કરેલ નથી. આમ, રેકર્ડ ઉપર રજુ થયેલા આંક–પના મૌખિક  પુરાવાથી પણ તે હકીકત પુરવાર થાય છે કે હાલનો

નાણાંકીય વ્યવહાર આ કામના આરોપી સાથે થયેલ છે. આ કામે બચાવપક્ષે ઉપસ્થિત કરેલ તકરાર મુજબ ચેકવાળી રકમ આરોપી દ્વારા ફરીયાદીને ચુકવી આપવામાં આવેલ હોય, તો બચાવપક્ષના ઉપર આ હકીકત પુરવાર કરવાનો રહેલ બોજો બચાવપક્ષે મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખી પુરવાર કરેલ નથી. આમ, સમગ્રપણે ચેકની રકમ લેણી બાકી પડતી હોવાનું ઉપરોકત દર્શાવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે. ત્યારે નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૪૨(એ) અન્વયે હાલના ફરીયાદી ફરીયાદ દાખલ કરવા માટે યથાનુક્રમે ચેક ધારણ કરનાર વ્યકિત છે તેમજ હાલની ફરીયાદ દાખલ કરતાં પહેલાં આરોપીને દિન–૩૦માં નોટીસ આપવામાં આવેલ છે અને ચેકની રકમ દિન–૧૫માં ફરીયાદીને ચુકવી આપેલ નથી અને હાલની ફરીયાદ કરવાનુ કારણ ઉત્પન્ન થયેલ ત્યારબાદ સોળમા દિવસ પછી એક માસની અંદર દાખલ કરવામાં આવેલ છે જે જોતાં કલમ–૧૪૨(બી) મુજબ સમયમર્યાદામાં દાખલ કરવામાં આવેલ છે જેથી બચાવપક્ષની તકરાર સાબીત થયેલ નથી. કાયદામાં સ્પષ્ટ જોગવાઈ છે કે બુધ્ધીગમ્ય પુરાવા સિવાય માત્ર બેરવર્ડીગ્સના આધારે કોઈ બચાવ માન્ય રહી શકે નહીં. નેગેશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ હેઠળ આરોપી ઉપર પુરાવાનુ ઓનસ લીબરલ હોય છે, પરંતુ તે માત્ર શાબ્દીક વાંધાઓથી શીફટ થઈ શકે નહીં.

**૧૪.** ઉપરોકત તમામ વિસ્તૃત ચર્ચાને અંતે જયારે મુદ્દા નં.૧ અને ૨નો જવાબ હકારમાં આવેલ હોય ત્યારે આરોપી ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલા–૧૩૮ હેઠળ તકસીરવાન ઠરેલા છે. સદર કેસ વોરંટ ટ્રાયબલ રીતે ચાલેલ નથી સમન્સ ટ્રાયબલ રીતે ચાલેલ છે તેથી ફોજદારી

કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૫ મુજબ આરોપીપક્ષને સજા બાબતે સાંભળવા આવશ્યક નથી. અત્યારે સમયમાં દિન–પ્રતિદીન લોકો ચેકો આપવાનું વધારે પસંદ કરે છે તેવા કારણોસર આવા ગુનાઓની ઉત્તરોઉત્તર વૃધ્ધી થવા પામેલ છે અને અત્યારે વ્યાપાર ધંધામાં ચેકથી વ્યવહાર કરતા એક પ્રકારનો ભય વ્યાપી ગયો છે. કાયદાના હેતુ અને ઉદ્દેશ ધ્યાને લેતાં આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણા પેટે ચેક આપેલો જે ચેક અપુરતા ભંડોળના શેરાના કારણે પરત ફરેલ છે તેવા સંજોગોમાં આરોપીને પ્રોબેશ ન ઓફ ઓફેન્ડર્સ એકટ અથવા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૦ અન્વયે પ્રોબેશનનો લાભ આપવો ન્યાયોચિત જણાતો નથી. આરોપીને નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ કેદની સજા બે વર્ષ સુધી લંબાવી શકાય અને દંડની રકમ ચેકમાં જે રકમ જણાવી છે તેનાથી બમણી થઈ શકે તેમ છે. આ બાબતની ચર્ચા નામદાર કોર્ટના ભાસ્કરણના કેસમાં પણ કરવામાં આવેલ છે અને અદાલતે કોડની કલમ ૩૫૭(૩)ની જોગવાઈઓનો ઉદારતાપુર્વક લાભ આપવો જોઈએ. પેટા કલમમાં વળતર અંગે કોઈ મર્યાદાનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી તેથી મેજીસ્ટ્રેટ કોઈ પણ રકમ વળતર તરીકે અપાવી શકે છે. અલબત્ત, આવી વળતરની રકમ નકકી કરતી વખતે મેજીસ્ટ્રેટે એવી વિચારણા કરવાની છે કે ફરીયાદીને વળતર ચુકવવા અંગે એવોર્ડ કરવાની સત્તા છે. સાથે ક્રિમી.પ્રોસી.કોડની કલમ–૩૫૭(૫) પણ ધ્યાને લેવી જરૂરી છે. આમ, જયારે મેજીસ્ટ્રેટને ફરીયાદીને વળતર આપવુ જોઈએ તેવું લાગે તો કેદની સજા કર્યા પછી ફરીયાદીને વળતર અંગે એવોર્ડ કરી શકશે જે કોડની કલમ–૩૫૭માં કોઈ મર્યાદા નકકી કરવામાં આવી નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે મીટર્સ એન્ડ ઈન્સ્ટુમેન્ટ પ્રા.લી. એન્ડ અનધર વિ. કંચન મહેતા

રીપોર્ટેડ ઈન એ.આઈ.આર. ૨૦૧૭ એસ.સી.૪૫૯૪ના ચુકાદામાં તો ત્યાં સુધી જાહેર કરેલ છે કે નેગો.ઈન્સ્ટુ.એકટનો મુખ્ય ધ્યેય The Objct Of The Propision being Primarily Conpensatory. Punitive Element being mainly With the Object Of enforcing The Compensatory element.

**૧૫.** સદર પ્રકારના ભારતદેશની અર્થવ્યવસ્થાને અસરકર્તા ગુન્હા હોય આવા કેસોમાં આરોપી સાથે માનવતાપુર્ણ વ્યવહાર કરી ઓછી સજા કરવાનું વ્યાજબી અને ન્યાયોચિત જણાતું નથી. આમ, હાલના કેસમાં આરોપીને પુરેપુરી સજા કરવી જોઈએ તેવું અત્રેની અદાલતનું માનવું છે તથા આરોપીને સખત નસીયત મળી રહે તે જરૂરી છે તેમજ તેવી પરિસ્થિતિને ઘ્યાને લેતાં ફરીયાદીને વળતર ચુકવવામાં આવે તો ન્યાયી, વ્યાજબી અને વ્યવહારુ જણાઈ આવે છે અને નામદાર સર્વોચ્ચ અદાલતે જાહેર કરેલા ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મેજીસ્ટ્રેટ દંડની સજા ફરમાવતા હોય ત્યારે તેને ફરીયાદીને વળતર તે દંડની રકમમાંથી જ આપવુ જોઈએ. તે દંડની રકમ ઉપરાંત વળતરની રકમ અપાવવાની સત્તા કાયદા મુજબ મેજીસ્ટ્રેટને નથી. જેથી હાલના નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ વંચાણે લેતાં આ કામના ઉપરોકત ચર્ચા કરેલ પુરાવાને અંતે ન્યાયના વિશાળ હિતમાં મુદ્દા નં.૧ તથા મુદ્દા નં.૨નો જવાબ હકારમાં ઠરાવી મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો હુકમ કરવાનો ન્યાયી જણાય છે.

**:: આખરી હુકમ ::**

૧. ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૫૫(૨) અન્વયે આરોપી નવીનચંદ રાયચંદ દક્ષિણી(ઠકકર) તે ગુજલક્ષ્મી ટ્રેડર્સના પ્રોપરાઈટર

રહે. પદમપ્રભુ સોસાયટી, એઈમ્સ હોસ્પીટલની બાજુમાં, પાલડી, અમદાવાદનાઓને ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવી ૧(એક) વર્ષની કેદની સજા કરવામાં આવે છે તથા **રૂા.૨,૦૧,૫૦૨/–(અંકે રૂપિયા બે લાખ એક હજાર પાંચસો બે પુરા)**નાં દંડની સજા ફરમાવવામાં આવે છે. જો આરોપી દ્વારા દંડ ભરવામાં ન આવે તો આરોપીને વધુ છ માસની કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે તથા દંડની રકમ આરોપી પાસેથી તેની જે કોઈપણ મિલકત હોય તેના ઉપરથી ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૪૨૧ મુજબ રેવન્યુની બાકી રકમ તરીકે રીકવર કરવાની રહેશે.

**૨.** ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૩૫૭(૧) મુજબ આરોપીને કરેલ દંડમાંથી ફરીયાદીને વળતર તરીકે **રૂા.૨,૦૧,૫૦૨/–(અંકે રૂપિયા બે લાખ એક હજાર પાંચસો બે પુરા)** ખાસ વળતર તરીકે ક્રિમીનલ મેન્યુઅલ પેરા–૨૦૯ મુજબ ચુકવી આપવાના રહેશે.

**૩.** ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૩૬૩(૧) મુજબ આ હુકમની નકલ તાત્કાલિક વિના મુલ્યે આરોપીને પુરી પાડવી.

આ ચુકાદો આજ તારીખ:૨૪મી માહે:માર્ચ, સને ૨૦૨૬ના રોજ હળવદ મુકામે મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

હળવદ.

તા.૨૪/૦૩/૨૦૨૬ ( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ.

કોડ નં.જી.જે.૦૦૭૧૧.

*H.D.Lakum*

*Steno.*